**એમ.એ.સી.પી. નં. ૨૦૯૪/૨૦૧૧**

**<u>આંક – ૧ નીચે હુકમ</u>**

અરજદાર/અરજદારના વિ.વકીલશ્રી તથા સામાવાળા/સામાવાળાના વિ.વકીલશ્રીએ હાજર થઈ આજરોજ લોક અદાલતમાં આંક – ૨૬ થી સમાધાન રજુ કરતા તે સ્વૈચ્છિક, તેમના લખાવ્યા મુજબ અને પક્ષકારોને કબુલ મંજુર હોવાનું સ્વીકારતા સદર સમાધાન નોંધવા હુકમ કરવામાં આવેલ છે. તે સમાધાનને અનુરુપ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧) હાલના કલેઈમ સંબંધે સામાવાળા નં. ૪ (વીમા કંપનીનું નામ) ફ્યુચર જનરલ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિ. વાળાએ અરજદારને અરજી સંબંધે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે વળતરના રૂા. ૧૬,૦૦,૦૦૦/– ( અંકે રૂપિયા સોળ લાખ પુરા) ચૂકવવા જવાબદારી સ્વીકારેલ છે અને અરજદારે સદર સેટલમેન્ટવાળી રકમ સુધી પોતાનો કલેઈમ મર્યાદિત કરી સ્વીકારેલ છે અને અરજદારે બાકીના સામાવાળાઓને કલેઈમની જવાબદારીમાંથી મુકત ગણવા કબુલ રાખેલ છે.

(૨) જવાબદારી સ્વીકારનાર સામાવાળાએ સમાધાન મુજબની રકમ આજથી ત્રણ માસમાં અરજદારને ચૂકવવી કે ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે. તેમાં નિષ્ફળ ગયેથી સમાધાન મુજબની રકમ ઉપર સમાધાનની તારીખથી દર વર્ષે ૯ ટકાના દરતી સાદુ વ્યાજ અરજદારને ચૂકવવાનું રહેશે.

(૩) વળતર અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનું રહેશે.

મળવા પાત્ર કોર્ટ ફી રીફંડ સર્ટી. અરજદારના નામનું કાઢવું.

ઉપરોકત વિગતે હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૯/૨૦૧૮

અમદાવાદ.

૧૦, મોટર એકિસડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ
મુખ્ય/સહાયક
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર.